પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૨૪ | ૧૪ જુલાઈ, ૨૦૧૯, રવિવાર; અષાઢ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આવતીકાલે 'ચંદ્રયાન-૨' લોન્ચ કરાશે

**૧૫ જુલાઈએ મધરાતે ૨ વાગ્યે અને ૫૧ મિનિટે 'ચંદ્રયાન-૨' લોન્ચ કરાશે : ઈસરોના ચેરમેન ડો.કે સિવાને કરી જાહેરાત : ચંદ્રયાન-૨નું વજન પહેલાં મિશન કરતાં ૩ ગણું વધારે, રોવરની સ્પીડ ૧ સેમી પ્રતિ સેકન્ડની રહેશે : ભારતનું ચંદ્રયાન-૨ મિશન શ્રીહરિકોટાથી પ્રક્ષેપણ થયા બાદ ચંદ્રમાના દક્ષિણી ધ્રુવની નજીક લેન્ડિંગ કરશે**



ન્યુ દિલ્હી,તા.૧૩

ઈસરોના ચેરમેન ડો.કે સિવાને ચંદ્રયાન-૨ના લોન્ચની તારીખ અને સમયની જાહેરાત કરી દીધી છે. કે. સિવાને કહ્યુ હતુ કે, ચંદ્રયાન-૨ને ૧૫ જુલાઈએ મધરાતે ૨ વાગ્યે અને ૫૧ મિનિટે લોન્ચ કરવામાં આવશે. આ માટે જીએસએલવી એમકે-૩ લોન્ચ વ્હિકલનો ઉપયોગ કરવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે, ચંદ્રયાન-૨ના સફળતાપૂર્વક લોન્ચિંગ બાદ તેને ચંદ્રના દક્ષિણ ધ્રુવ પાસે પહોંચવામાં અને ચંદ્રયાનના રોવરને લેન્ડ કરવામાં લગભગ બે મહિનાનો સમય લાગશે.

આ પહેલા આઠ જુલાઈએ ઈસરો દ્વારા ચંદ્રયાનની તસવીરો જાહેર કરાઈ હતી. ઈસરોની યોજના આ મિશન થકી ચંદ્રની સપાટી પર બરફ છે કે નહી તે જાણવાની છે. જો ત્યાં બરફ હશે તો ભવિષ્યમાં ત્યાં મનુષ્ય પ્રવાસ કરી શકશે. તેની સાથે સાથે બીજી નવી શોધખોળના રસ્તા પણ ખુલશે.

ચંદ્રયાનનુ રોવર ચંદ્રની સપાટી પર લેન્ડ કર્યા બાદ ૧૪ દિવસ સુધી માહિતી એકત્રીત કરશે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર આજ સુધી કોઈ પહોંચ્યુ નથી. આ મિશન સફળ થયુ તો દુનિયાભરના વૈજ્ઞાનિક સમુદાયને તેનાથી ફાયદો થશે. માટે જ ઈસરો ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડિંગનુ જોખમ લઈ રહ્યુ છે.

વર્ષ ૨૦૦૯માં ચંદ્રયાન–૧ બાદ ચંદ્રમાની સપાટી પર પાણીના અણુઓની ઉપસ્થિતીની જાણકારી મેળવ્યા બાદથી ભારતે ચંદ્રમાની સપાટી પર પાણીની શોધ ચાલુ રાખી છે. ચંદ્રમા પર પાણીની ઉપસ્થિતીથી જ ભવિષ્યમાં અહીંયા મનુષ્યના રહેવાની શક્યતાઓ વધી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચંદ્રયાન-૨ની વિશેષતાઓ...

ચંદ્રયાન-૧નું વજન ૧૩૮૦ કિલો હતુ, ચંદ્રયાન-૨નું વજન ૩૮૭૭ કિલો રહેશે, ચંદ્રયાન-૨ના ૪ ભાગ, પહેલો જીએસએલવી માર્ક- ૩, ભારતનું બાહુબલી રોકેટ કહેવામાં આવે છે, પૃથ્વીની કક્ષા સુધી જશે. બીજો- ઓર્બિટર, જે ચંદ્રની કક્ષામાં સતત ચક્કર લગાવશે. ત્રીજો- લેન્ડર વિક્રમ, જે ઓર્બિટરથી અલગ થઈને ચંદ્રની સપાટી પર ઉતરશે. ચોથો- રોવર, ૬ પૈડા વાળું આ રોબોટ લેન્ડરમાંથી બહાર નીકળશે અને ૧૪ દિવસ ચંદ્રની સપાટી પર ફરશે




## આસામમાં પુરની સ્થિતી ગંભીર

ગુવાહાટી,તા. ૧૩

આસામમાં ભારે વરસાદના કારણે પુરની સ્થિતિ સર્જાયેલી છે. ભારે વરસાદ બાદ પુરના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. વરસાદ અને પુરના કારણે છ લોકોના મોત થઈ ચુક્યા છે. સાત હજારથી વધુ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી છે. પુરથી રાજ્યના ૩૩ જિલ્લાઓ પૈકી ૨૧ જિલ્લાઓ ગંભીર રીતે પ્રભાવિત થયા છે. આ પુરથી રાજ્યમાં આઠ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા છે. છ લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૧૫૬ જેટલા ગામોમાં રહેતા આઠ લાખથી વધુ લોકોને અસર થઈ છે. રાજ્ય સરકાર બચાવ અને રાહત કામગીરીમાં લાગેલી છે. ઘર છોડી દીધેલા લોકોને રાહત કેમ્પોમાં મોકલવામાં આવ્યા છે. પુરગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા લોકોને બહાર નીકળી જવા માટે અપીલ કરવામાં આવી છે. પુરથી રાજ્યમાં ૭૬૦૦ લોકો રાહત કેમ્પમાં હાલ રહે છે. તમામ લોકોને ૬૮ રાહત કેમ્પોમાં ખસેડવામાં આવ્યા છે. બીજી બાજુ ભારે વરસાદ બાદ ઉભી થયેલી પુરની સ્થિતિના કારણે ૨૭૮૬૪ હેક્ટર પાર્કને નુકસાન થયું છે.

# આજે ઈંગ્લેન્ડ-ન્યુઝીલેન્ડ વચ્ચે વર્લ્ડકપ ફાઈનલ

**યજમાન ઇંગ્લેન્ડ પ્રથમ વખત વર્લ્ડ કપનો તાજ જીતવા માટે સંપૂર્ણપણે તૈયાર છે**

લોર્ડસ, તા. ૧૩

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ચાહકો રાહ જોઇ રહ્યા છે તે આઈસીસી વર્લ્ડ કપની ફાઈનલ મેચ આવતીકાલે યજમાન ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાનાર છે. આ મેચને લઈને યજમાન દેશમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. કારણ કે જોરદાર દેખાવ કરીને ઈંગ્લેન્ડની ટીમ ફાઈનલમાં પહોંચી ગઈ છે. એક વખતે તેના પર વર્લ્ડ કપમાંથી આઉટ થવાનો ખતરો હતો. જો જે ઈંગ્લેન્ડ જોરદાર દેખાવ કરીને વાપસી કરી હતી. સેમીફાઈનલમાં ઈંગ્લેન્ડે શક્તિશાળી ઓસ્ટ્રેલિયા પર મજબુત જીત મેળવી હતી. પ્રથમ સેમીફાઈનલ મેચમાં ન્યુઝીલેન્ડે ભારત પર જીત મેળવીને મોટો અપસેટ સર્જયો હતો. ન્યુઝીલેન્ડની ટીમ અંડરડોંગ તરીકે મેદાનમાં ઉતરી હતી અને ભારત સામે લો સ્કોરિંગ મેચમાં પણ જીત મેળવી

● અનુસંધાન પાન-૭ પર




## ન્યુઝ ટ્રેક

### ઋષિકેશનો ૯૬ વર્ષ જૂનો લક્ષ્મણ ઝૂલા પુલ બંધ

ઉત્તરાખંડના ઋષિકેશમાં ગંગા નદી પર બનેલા ૯૬ વર્ષ જૂના લક્ષ્મણ ઝૂલા પુલને બંધ કરી દેવાયો છે. કહેવાય છે કે સુરક્ષાને ધ્યાનમાં રાખતા સામાન્ય લોકોની અવરજવર અસ્થાયી રીતે બંધ કરી દેવાઈ છે. પુલ ખૂબ જ જીર્ણશીર્ણ અવસ્થામાં થવાથી ખતરનાક મનાઈ રહ્યો હતો અને આ એક તરફ નમેલો દેખાઈ રહ્યો છે. પુલનો મોટાભાગનો હિસ્સો ખૂબ જ નબળો થઈ ગયો છે અથવા તો પડવાની સ્થિતિમાં છે.

### રેલવેમાં ૧૦૦ કરોડનો ગફ્લો..!! સીબીઆઇએ તપાસ શરૂ કરી

સીબીઆઈએ ઈશાન સીમાંત રેલવેના પીઆઓ અને અન્ય કર્મચારીઓ સામે ૧૦૦ કરોડના કૌભાંડની તપાસ શરૂ કરી હતી. આ લોકોએ સ્થાનિક અખબારોનાં બોગસ બિલો રજૂ કરીને એવો દાવો કર્યો હતો કે આ બિલો અખબારોમાં પ્રગટ થયેલી રેલવેની જાહેરખબરોનાં છે.

### વૈજ્ઞાનિકોએ અવકાશીય કણોની 'હલચલ'ને કેમેરામાં રેકોર્ડ કરી

જીવન-મૃત્યુ તેમજ અવકાશની અજીબોગરીબ ઘટનાઓ આ તમામ બાબતોને સમજવામાં સામાન્ય માનવીને કરોડો વર્ષો લાગ્યા છે અને હજુ પણ કેટલાય કરોડો વર્ષો લાગી શકે છે. વિજ્ઞાન આજે પણ તેમનાથી બનતા પ્રયાસો દ્વારા અવકાશમાં બનતી કેટલીક દુર્લભ ઘટનાઓને જાણવા પ્રયાસ કરી રહ્યું છે. આવા જ એક પ્રયાસમાં વૈજ્ઞાનિકોને અવકાશના બે પદાર્થોના 'ક્વોન્ટમ એન્ટેન્ગલમેન્ટ'ની તસવીરો કચકડે કંડારવામાં સફળતા મળી છે. આ એક ઐતિહાસિક સફળતા કહેવાશે. મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને આ ઘટનાને દૂર ગગનમાં જોજનોના અંતરે ઘટતી ડરામણી ક્રિયા ગણાવી હતી. જેને વર્ષો બાદ નજરે જોયાનો ભૌતિકશાસ્ત્રીઓએ દાવો કર્યો છે.







